| | |
|---|---|
| રજીસ્ટર થયા તા. | ૧૪/૦૫/૨૦૨૫ |
| દાખલ થયા તારીખ | ૧૪/૦૫/૨૦૨૫ |
| નિકાલ તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૨ ૦૨ |

---

મે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, નર્મદા, મું. રાજપીપળા

---

ક્રીમીનલ અપીલ નંબર ૪૩/૨૦૨૫
આંક :-

| | |
|---|---|
| એપેલન્ટ (ફરીયાદી) | નામદાર સરકારશ્રી |
| વિરૂધ્ધ. | |
| રીસ્પોન્ડન્ટ નં.૧ (આરોપી નં.૧) | ગણેશભાઇ ઉર્ફે અરૂણભાઇ મંગલભાઇ ભોઇ<br>ઉ.વ.આ.૨૭,<br>રહે. નવા ફળીયા, ગણેશચોક, રાજપીપળા, તા.નાંદોદ,જી.નર્મદા. |
| રીસ્પોન્ડન્ટ નં.૨ (આરોપી નં.૨) | શીલાબેન મંગલભાઇ ભોઇ<br>ઉ.વ.આ.૩૫,<br>રહે. નવા ફળીયા, ગણેશચોક, રાજપીપળા, તા.નાંદોદ,જી.નર્મદા. |
| રીસ્પોન્ડન્ટ નં.૩ (આરોપી નં.૩) | માલાબેન સંજયભાઇ ભોઇ<br>ઉ.વ.આ.૪૧,<br>રહે. નવા ફળીયા, ગણેશચોક, રાજપીપળા, તા.નાંદોદ,જી.નર્મદા. |

| | |
|---|---|
| એપેલન્ટ તરફે | વિ.પી.પી. શ્રી જે.જે.ગોહીલ/પી.એચ.પરમાર |
| રીસ્પોન્ડટ તરફે | વિ.વ. શ્રી એ.ડી.બલુચી |

અપીલ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩, કલમ-૪૧૯ મુજબ

-: ચુ કા દો :-

(૧) આ કામના એપેલન્ટે રાજપીપળાના વિ.સેકન્ડ એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રીમીનલ કેસ નંબર-૨૬૬૩/૨૦૨૩ ના કામે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં તારીખ-૦૬/૦૩/૨૦૨૫ ના રોજ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઇ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ કલમ-૪૧૯ મુજબ હાલની ક્રીમીનલ અપીલ દાખલ કરેલ છે.

(૨) હવે પછી ચર્ચા કરવામાં સરળતા રહે તે માટે એપેલન્ટને ''ફરીયાદી'' તરીકે તથા રીસ્પોન્ડન્ટસને ''આરોપીઓ'' તરીકે અને રાજપીપળાના વિ. સેકન્ડ એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટને ''વિ.ટ્રાયલ કોર્ટ'' તરીકે સંબોધવામાં આવેલ છે.

(૩) હાલના એપેલન્ટ ક્રીમીનલ કેસ નંબર-૨૬૬૩/૨૦૨૩ ના કામમાં ફરીયાદી છે અને રીસ્પોન્ડન્ટસ આરોપીઓ છે. વિ.ટ્રાયલ કોર્ટે ક્રીમીનલ કેસ નંબર-૨૬૬૩/૨૦૨૩ ના કામે તારીખ-૦૬/૦૩/૨૦૨૫ ના રોજ રોજ ચૂકાદો આપી રીસ્પોન્ડન્ટ/ આરોપીઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮ (૧) અન્વયે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે. સરળતા ખાતર હવે પછી આ હુકમને ''તકરારી હુકમ'' તરીકે સંબોધવામાં આવશે.

(૪) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ-૨૬/૩/૨૦૨૩ ના રોજ કલાક: ૧૪-૧૫ વાગે આરોપીઓ તેના ઘરની પાકી દિવાલ બનાવવાની

તૈયારી કરતા હતા ત્યારે ફરીયાદીએ તેઓને કહેલ કે, આપણો આ જગ્યા બાબતે કોર્ટમાં કેસ ચાલે છે તે કેસ પુરો થાય પછી તમે દિવાલ બનાવવાનું કામ કરજો તેમ કહેતા આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને ગાળો બોલવા લાગેલા અને ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નંબર -૧ નાએ ફરીયાદીના માથામાં લાકડીનો સપાટો મારી ઇજા કરેલ તથા આરોપી નંબર-૨ નાએ ફરીયાદીનું ગળુ પકડી ધકકો મારી થાંભલાની સાથે અથડાવી માથાના પાછળના ભાગે ઇજા કરેલ તથા આરોપી નંબર-૩ નાએ ફરીયાદીને પેટના ભાગે લાતો મારી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ અને તે અંગેની ફરીયાદ આધારે રાજપીપળા પોલીસ સ્ટેશન ગુના નંબર-પાર્ટ એ. ૧૧૮૨૩૦૧૭૨૩૦૩૧૧/૨૦૨૩, ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ હેઠળ ગુના નોંધાતા, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરતા તેને ક્રીમીનલ કેસ નંબર-૨૬૬૩/૨૦૨૩ આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી હાજર થતા તેઓ સામે તહોમતનામું ફરમાવેલું અને આરોપીઓના પ્રાથમિક નિવેદન નોંધવામાં આવેલ. આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે કામ મુકવામાં આવેલું.

(૫) આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

-:: <u>મૌખિક પુરાવા</u> ::-

| અ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૧૧ | પંચ સાહેદ ઉસ્માનભાઇ નસરૂદ્દીન મલીકની જુબાની |

| | | |
|---|---|---|
| ૨. | ૧૪ | પંચ સાહેદ ગુલામનબી મહંમદભાઇ મન્સુરીની જુબાની |
| ૩. | ૧૫ | ફરીયાદી ગીતાબેન જગદીશભાઇ ભોઇની જુબાની |
| ૪. | ૧૯ | પંચ સાહેદ કમલેશકુમાર અશોકભાઇ વસાવાની જુબાની |
| ૫. | ૨૧ | પંચ સાહેદ ધનરાજસિંહ માધવસિંહ વસાવાની જુબાની |
| ૬. | ૨૩ | સાહેદ જગદીશભાઇ પિતામ્બરભાઇ ભોઇની જુબાની |
| ૭. | ૨૫ | ડો. રાજકુમાર ચંદુલાલ ભગતની જુબાની |
| ૮. | ૨૭ | સાહેદ લલીતાબેન અભેસીંગ વસાવાની જુબાની |
| ૯. | ૩૧ | ત.ક.અ. અલ્પેશભાઇ શાંતિલાલની જુબાની |

-:: દસ્તાવેજી પુરાવા ::-

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૨,૧૩ | આરોપીઓના અટક પંચનામા |
| ૨. | ૧૬ | ફરીયાદ |
| ૩. | ૨૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪. | ૨૬ | ગીતાબેનને થયેલ ઇજા અંગેનું સારવાર સર્ટીફીકેટ |
| ૫. | ૨૮ | ગુનો રજીસ્ટર્ડ કરવા બાબતનો અસલ રીપોર્ટ |
| ૬. | ૩૨ | અસલ વર્ધી |
| ૭. | ૩૩ | હથિયારબંધીના જાહેરનામાની નકલ |

(૬) ફરીયાદપક્ષે પુરાવા બંધની પુરસીસ આપતા રેકર્ડ ઉપર રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે વિ.ટ્રાયલ કોર્ટે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા ઉપર કામ રાખેલું અને આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. ત્યારબાદ વિ.સરકારી વકીલશ્રીની તથા આરોપીઓના વિ.વ.શ્રીની

દલીલો સાંભળવામાં આવેલી. વિ. ટ્રાયલ કોર્ટે રજૂ થયેલ પુરાવાનું તેમજ દલીલોનું મૂલ્યાંકન કરી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકતો તકરારી હુકમ કરેલ છે. જેને એપેલન્ટ/ સરકારશ્રી/ફરીયાદપક્ષ થકી આ અપીલના કામે પડકારેલ છે.

(૭) એપેલન્ટ/સરકારીશ્રી તરફે વિ. સરકારી વકીલશ્રીની દલીલ અપીલમેમોમાં જણાવ્યા મુજબની છે. વધુમાં તેઓની રજુઆત છે કે, નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદા મુજબ નથી, ફરીયાદીને બનાવમાં ઇજા થયેલ છે અને તેને તબીબી પુરાવાથી સમર્થન મળેલ છે તેમ છતાં નામદાર ટ્રાયલ કોર્ટે તે હકીકત માનેલ નથી, ફરીયાદપક્ષે રજૂ કરેલ પુરાવા આરોપીઓને સજા કરવા માટે પુરતા અને યોગ્ય હોવા છતાં તકરારી હુકમ કરેલ છે, આ કામે ફરીયાદી તથા તેના પતિનો ફરીયાદપક્ષને સમર્થન આપતો પુરાવો રજૂ થયેલ છે, ભારતીય પુરાવા અધિનિયમ મુજબ એકમાત્ર વિશ્વાસનીય સાહેદ હોય તો પણ તેના ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય, તેમ છતાં તકરારી હુકમ કરી ગંભીર ભૂલ કરેલ છે, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ શંકારહીત કેસ સાબિત કરી શકેલ છે, આરોપીઓએ વિશેષ નિવેદનમાં પણ ફરીયાદપક્ષે રજૂ કરેલ પુરાવાનો વ્યાજબી ખૂલાશો કરેલ નથી, ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ભારતીય પુરાવા અધિનિયમ મુજબ મૂલ્યાંકન કરેલ નથી, ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવો આરોપી સામેનો ગુનો પુરવાર કરતો હોવા છતાં નામદાર ટ્રાયલ કોર્ટે તકરારી હુકમ કરેલ છે તે રદ કરી આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૮) રીસ્પોન્ડન્ટસ/આરોપીઓના વિ.વ.શ્રીની દલીલ એવી છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે કાયદા મુજબ હુકમ કરેલ છે, પોતાના સમક્ષ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ભારતીય પુરાવા અધિનિયમ મુજબ મૂલ્યાંકન કરેલ છે, ફરીયાદીના મૌખિક પુરાવા ઉપરથી બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થયેલું

હતું તેમ છતાં કોઇ સ્વતંત્ર સાહેદો તપાસેલા નથી, પક્ષકારો વચ્ચે મકાનની તકરારો ચાલતી હોવાની અને તે અંગે દિવાની દાવો થયેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે મતભેદને લઇ આરોપીઓ વિરૂધ્ધ પુરાવો આપેલાનું માની શકાય તેમ છે, ફરીયાદીએ ડોકટર સમક્ષ ચાર વ્યકિતઓએ ઇજા કરેલાની હકીકત જણાવેલ છે, જયારે ફરીયાદમાં ચોથી વ્યકિતનું નામ હુમલો કરનાર તરીકે આપવામાં આવેલ નથી, કયા આરોપીએ શરીરના કયા ભાગ ઉપર ઇજા કરેલ તે ચોકકસ જણાવેલ નથી, ફરીયાદી તથા સાહેદોની જુબાનીઓમાં ઘણી મહત્વની બાબતો અંગે વિસંગતતા અને વિરોધાભાષ પ્રર્વતે છે, પંચો હોસ્ટાઇલ થયેલા છે અને પંચનામા પંચોની જુબાનીઓથી પુરવાર થતા નથી, રજૂ થયેલ પુરાવો શંકાસ્પદ છે અને શંકાનો લાભ હંમેશા આરોપીઓને મળવો જોઇએ તેવો પ્રસ્થાપિત સિધ્ધાંત છે, તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા તેઓએ ફરીયાદ નોંધવાની અને પોલીસ તપાસની કાયદા મુજબની કાર્યવાહી જુબાનીમાં જણાવેલ છે, પરંતુ આ સાહેદના પુરાવા પરથી હાલના બનાવમાં આરોપીઓની સંડોવણી હોવાનું અન્ય માનવાલાયક પુરાવાના અભાવે માની શકાય તેમ નથી, નામદાર ટ્રાયલ કોર્ટે પોતાના સમક્ષ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અને કાયદાની જોગવાઇઓ ધ્યાનમાં લઇ તકરારી હુકમ કરેલ છે અને આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. અંતમાં રીસ્પોન્ડન્ટસ/આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૯) આ અપીલના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું આરોપીઓ/રીસ્પોન્ડન્ટસે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું વિ. ટ્રાયલ કોર્ટે ક્રીમીનલ કેસ નંબર-૨૬૬૩/૨૦૨૩ ના કામે તારીખ ૦૬/૦૩/૨૦૨૫ ના રોજ કરેલ તકરારી હુકમ ગેરકાયદેસર,ભૂલભરેલો, કાયદા તથા ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો અને અત્રેથી હસ્તક્ષેપ કરવાપાત્ર છે ?

૩. શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દા અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. નકારાત્મક

૩. આખરી હુકમ મુજબ

:: કા ર ણો ::-

(૧૧) મુદ્દા નંબર-૧ તથા ૨

ઉપરોકત બંને મુદ્દા એકબીજા સાથે અરસ પરસ સંકળાયેલા હોય, બંને મુદ્દાની ચર્ચા એકીસાથે કરવાનું ન્યાયોચિત જણાતું હોય, પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર બંને મુદ્દાની ચર્ચા એકસાથે કરેલ છે.

(૧૨) આ કામે અપીલની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા અપીલ કોર્ટ તરીકે આ અદાલતને શું સત્તા પ્રાપ્ત થયેલ છે ? તેની પ્રથમ ચર્ચા કરવી આવશ્યક જણાય છે. જયારે પણ વિ. ટ્રાયલ કોર્ટ કોઇપણ પ્રકારની કાર્યવાહી ચલાવી ચૂકાદો આપે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે તે આદેશ ન્યાયોચિત છે કે કેમ ? તેની ચકાસણી કરવા માટે અપીલનો પ્રબંધ કરવામાં આવેલ છે. અપીલના તબકકે ફરીયાદ -પક્ષ તેમજ આરોપીપક્ષને સાંભળવાની તક અપીલ ઓાલતને કાયદાની દ્રષ્ટિએ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતની દ્રષ્ટિએ આપવી આવશ્યક છે. વિ.ટ્રાયલ કોર્ટ જે આદેશ કરી શકે નહી તેવો આદેશ અપીલ અદાલત પણ કરી શકે નહી. અપીલ અદાલતે વિ. ટ્રાયલ કોર્ટે જો કોઇ ભૂલ કરેલ હોય તો

સુધારવાની છે અથવા કોઇ ખામી રહી ગયેલ હોય તો નિવારવાની છે અને ન્યાયનો હેતુ જળવાય તે જોવાની અપીલ અદાલતની ફરજ છે. અપીલ કરવા માટેની જોગવાઇ વિધાનતંત્ર દ્વારા આપવામાં આવેલ કાયદા મુજબનો અધિકાર છે અને તે સંજોગોમાં અપીલ અદાલતે પોતાને મળેલ સત્તાનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ. અપીલ ચલાવતી અદાલતને વિશિષ્ટ સત્તા આપવામાં આવેલ છે. તેમ છતાં એકરૂપતા જળવાઇ રહે તેવા આશયથી બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ- (ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૮૬) માં ચોકકસ જોગવાઇ કરવામાં આવેલ છે. આ કલમ હેઠળ આપેલ સત્તાથી બહાર અપીલ અદાલત જઇ શકે નહી. આ કલમમાં અપીલ અદાલતને અપીલની કાર્યવાહીમાં શું સત્તા છે અને કેવો આદેશ કરી શકે તેનો પ્રબંધ કરવામાં આવેલ છે. સૌપ્રથમ તો બી.એન.એસ.એસ.-૨૦૨૩ ની કલમ-૪૨૬ (ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૮૫) હેઠળ કરવામાં આવેલી જોગવાઇઓનું પાલન કરવાનું રહે છે. અપીલ અદાલત સંક્ષિપ્ત રીતે અપીલ રદ ન કરે ત્યારે વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અપીલના નિર્ણય પહેલા મંગાવવું જરૂરી છે. સજાના હુકમ સામેની અપીલમાં એપેલન્ટ તથા રીસ્પોન્ડન્ટને સાંભળ્યા બાદ અને રેકર્ડની ચકાસણી કર્યા બાદ વિ. ટ્રાયલ કોર્ટે આપેલ ચૂકાદામાં હસ્તક્ષેપ કરવાના પુરતા કારણો નથી તેવા નિર્ણય પર અપીલ અદાલત આવે ત્યારે અપીલ અદાલતે અપીલ રદ કરવાની રહે છે. અપીલ અદાલતે શા માટે પુરતા કારણો નથી તે કારણોની નોંધ પોતાના ચૂકાદામાં કરવાની રહે છે. અપીલ અદાલત પુરાવાની અથવા સંપૂર્ણ પુરાવાની ફેરચકાસણી કરી શકે છે અને વિ. ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં ભૂલ કરી છે અથવા કાયદા મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ નથી તેવા તારણ ઉપર આવે તેવા પ્રસંગે વિ. ટ્રાયલ કોર્ટનો આદેશ ફેરવી શકે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરી શકે છે. અપીલ અદાલત વિશેષ તપાસ કરવા માટે અથવા આરોપી સામે નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે આદેશ આપી શકે છે. સામાન્ય રીતે નવેસરથી

કાર્યવાહી ચલાવવાનો હુકમ અપવાદરૂપ કિસ્સામાં અથવા ન્યાયના હિત માટે આવશ્યક હોય તો જ અપીલ અદાલતે કરવો જોઇએ. કારણ કે, એક જ ગુના અંગે બે વખત ઇન્સાફી કાર્યવાહી ચલાવી શકાય નહી. વધુમાં આરોપીને નવેસરથી ઇન્સાફી કાર્યવાહી કરવાનો સામનો કરવો પડે છે. ફરીયાદપક્ષને અગાઉ જે ભૂલ કરી હોય તે સુધારવાની તક મળી જાય છે. પરંતુ વિ. ટ્રાયલ કોર્ટને ટ્રાયલ ચલાવવાની હકુમત ન હોય અને ટ્રાયલ ચલાવેલ હોય તો નવેસરથી ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટેનો આદેશ કરી શકાય. ફરીયાદપક્ષને અથવા બચાવપક્ષને રજૂ થઇ શકે તેવો પુરાવો રજૂ કરવા વિ. ટ્રાયલ કોર્ટે ઇન્કાર કરેલ હોય તો નવેસરથી કાર્યવાહી ચલાવવા આદેશ કરવાની અપીલ અદાલતને સત્તા છે. નિર્દોષ ઠરાવી છોડી મુકવાના કે સજા કરવાના ચૂકાદા સામે અપીલ કરવામાં આવે ત્યારે વિ. ટ્રાયલ કોર્ટે તેના સમક્ષ રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરેલ હોય તેને કોઇપણ પ્રકારના કારણ વગર કે હળવાશથી લઇ ફેરવી નાંખવું ન જોઇએ. પરંતુ ન્યાયનો હેતુ માર્યો જાય છે તેવું અપીલ અદાલતને લાગે તો જ વિ. ટ્રાયલ કોર્ટના ચૂકાદામાં હસ્તપક્ષેપ કરવો જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ પંજાબ વિ. મદન મોહનલાલ વર્મા (૨૦૧૩ (૧૪) સુપ્રિમકોર્ટ કેસીસ, ૧૫૩) ના કેસમાં નિર્દોષ છુટકારા સામેની અપીલમાં એપેલેટ કોર્ટની સત્તા અને સિધ્ધાંતોની ચર્ચા કરેલ છે, જે નીચે મુજબ છે.

> Para-10. It is a settled legal proposition that in exceptional circumstances, the appellate court for compelling reasons should not hesitate to reverse a judgment of acquittal passed by the court below, if the findings so recorded by the court below are found to be perverse i.e. if the conclusions arrived at by the court below are contrary to the evidence on record; or if the court's entire approach with respect to dealing with the evidence is found to be patently illegal, leading to the miscarriage of justice; or if its judgment is unreasonable and is based on an erroneous understanding of the law and of the facts of the case. While doing so, the

appellate court must bear in mind the presumption of innocence in favour of the accused, and also that an acquittal by the court below bolsters such presumption of innocence.

(૧૩) ફરીયાદપક્ષે તકરારી હુકમને પડકારતી હાલની પ્રથમ અપીલ હોય પુરાવાનું પુન: મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે. વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લેતા ફરીયાદપક્ષના કેસની હકીકત અને વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાલેલ કાર્યવાહીની આ ચૂકાદામાં અગાઉ ચર્ચા કરેલ હોય તેનું પુનરાવર્તન કરવું ન્યાયોચિત જણાતું નથી. વિ.ટ્રાયલ કોર્ટનો ચૂકાદો વંચાણે લેતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ વિ.ટ્રાયલ કોર્ટે આરોપીઓના વિશેષ નિવેદન નોંધેલ છે. વિ.ટ્રાયલ કોર્ટે વિ.સરકારી વકીલશ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી તકરારી હુકમ કરેલ છે. આરોપીઓએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ ટ્રાયલ દરમ્યાન પોતાના બચાવમાં કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી. વિ. ટ્રાયલ કોર્ટે પોતાના ચૂકાદામાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાની જોગવાઇ અને તેના આવશ્યક તત્તવો આધારે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરેલ છે. વિ. ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમ્યાન પક્ષકારો વચ્ચે દિવાની તકરાર હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં ફરીયાદવાળો બનાવ બન્યો તે વખતે આજુબાજુના રહીશો ભેગા થઇ ગયેલા તેવી હકીકત પોલીસ તપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં કોઇ સ્વતંત્ર સાહેદનો પુરાવો મેળવવામાં આવેલ નથી અને ટ્રાયલ દરમ્યાન રજૂ કરવામાં આવેલ નથી. વિ. ટ્રાયલ કોર્ટે પોતાના ચૂકાદામાં કેસના સંજોગો આધારે ફરીયાદી અને તેણીના પતિનો પુરાવો વિશ્વાસપાત્ર નથી તેવું માનેલ છે અને તે કાયદા મુજબ છે. વધુમાં પોલીસ તપાસ દરમ્યાન પંચ સાહેદોની હાજરીમાં પંચનામા થયેલા નથી. મેડીકલ એવીડન્સ અને ફરીયાદી તથા તેણીના પતિનો પુરાવો વિરોધાભાષી છે. વિ. ટ્રાયલ કોર્ટે તકરારી હુકમ કરતા પહેલા મુકવામાં આવેલ તહોમત મુજબના તત્વો ફરીયાદપક્ષ શંકારહીત સાબિત કરી શકેલ છે કે કેમ તેનો નિર્ણય કરેલ છે.

વિ. ટ્રાયલ કોર્ટની કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષે આરોપીઓએ તહોમત મુજબનો ગુનો કરેલ છે તે હકીકત સાબિત થાય તેવો પુરાવો આપેલ નથી.

(૧૪) આમ સમગ્ર ચર્ચાને અંતે વિ. ટ્રાયલ કોર્ટે તકરારી હુકમ કરેલ છે તે કાયદા મુજબનો છે અને પોતાના સમક્ષ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં હકીકત કે કાયદાની કોઇ ભૂલ કરેલ નથી તેમ માનુ છું અને તેથી વિ. ટ્રાયલ કોર્ટે તકરારી હુકમ કરવા માટે આપેલ કારણો સાથે આ અપીલ અદાલત પણ સહમત થાય છે. વિ. ટ્રાયલ કોર્ટના હુકમ સામેની અપીલમાં એપેલેટ કોર્ટ વિ. ટ્રાયલ કોર્ટે આપેલા કારણો સાથે સંમત થતી હોય ત્યારે એપેલેટ કોર્ટે ફરીથી ચૂકાદો લખવાની અથવા નવેસરથી કારણો આપવાની અથવા રજૂ થયેલા પુરાવાનું નવેસરથી મૂલ્યાંકન કરવાની જરૂરીયાત રહેતી નથી. આ કિસ્સામાં પણ વિ. ટ્રાયલ કોર્ટે, આરોપીઓને પોતાના સમક્ષ રજૂ થયેલ પુરાવાને ધ્યાને લઇ શંકાનો લાભ આપી છોડી મુકવાનો તકરારી હુકમ કરેલ છે અને તેમાં જે કારણો આપેલ છે તે સાથે આ અદાલત સંમત થાય છે. જેથી ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાની નવેસરથી ચર્ચા કરવાની કે મૂલ્યાંકન કરવાની આ અદાલતને આવશ્યકતા જણાતી નથી.

(૧૫) વિ. ટ્રાયલ કોર્ટનો તકરારી હુકમ કાયદેસર, પડેલ પુરાવા આધારીત, હકીકતની ભૂલ વગરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારનો છે અને કરવામાં આવેલ ચૂકાદામાં હસ્તક્ષેપ કરવાપાત્ર નથી તેમ માનું છું. સમગ્ર ચર્ચાના અંતે મુદ્દા નંબર-૧ તથા ૨ નો નિર્ણય અનુક્રમે ''નકારાત્મક'' આપુ છું અને મુદ્દા નંબર-૩ અંગે નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) હાલની ક્રીમીનલ અપીલ નંબર-૪૩/૨૦૨૫ આથી ના-મંજુર યાને રદૃ કરવામાં આવે છે.

(૨) રાજપીપળાના વિ. સેકન્ડ એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રીમીનલ કેસ નંબર-૨૬૬૩/૨૦૨૩ ના કામે તારીખ-૦૬/૦૩/૨૦૨૫ ના રોજ આ કામના રીસ્પોન્ડન્ટસ/આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો કરેલ તકરારી હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ આ હુકમની નકલ સહિત પરત મોકલી આપવું.

હુકમ આજરોજ તારીખ-૧૬, જુલાઇ ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : રાજપીપળા
તારીખ :૧૬/૦૭/૨૦૨૬
(બી.ડી.વાઘેલા)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ, નર્મદા.
મું.રાજપીપળા
(Unique ID Code : GJ-00345)